સામાજીક અને શક્ષણિક રીતે પછાતવર્ગના
વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન
આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૫૨૦૦૫/ન.બા.૬/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ– ૨૩–૩–૨૦૦૭

(૧) વંચાણે લીધા (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩/૧૨/૦૬ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૨૦૦૦/ન.બા.૧/અ

(૨) તા.૨૩/૧૧/૦૫ નો નિયામકશ્રી (વિ.જા.)નો પત્ર ક્રમાંકઃવિજાક/શિક્ષણ/ વિદેશલોન/ ૦૫–૦૬/૧૩૨૮

**ઠ રા વ**:–

આ વિભાગના તા.૩/૧૨/૦૧ ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૨૦૦૦/ન.બા.૧/અ થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે જવા માટે વાર્ષિક ૪% વ્યાજના દરે રૂ.૫.૦૦ (રૂ.પાંચ લાખ) ની લોન આપવામાં આવે છે. હાલના સંજોગોમાં આ લોનની રકમ અપૂરતી જણાતાં તેમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રીએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે આપવામાં આવતી રૂ.૫.૦૦ લાખની લોનની મર્યાદામાં વધારો કરીને રૂ.૧૦.૦૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચ એ બે માંથી જે રકમ ઓછી હોય તેટલી લોન વાર્ષિક૪% વ્યાજના દરે પૂરી પાડવા ઠરાવેલ છે. આ અંગે ચાલુ વર્ષ (૨૦૦૬–૨૦૦૭) ના અંદાજપત્રમાં આ માટે કરેલ રૂ.૫૫.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મજુરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

(૧) આ યોજના અંતર્ગતે લોનની રકમમાં થયેલ વધારાના નિર્ણયનો અમલ તા.૨૩/૩/૦૭ થી અમલમાં આવશે અને અગાઉના લાભાર્થીઓને પ્રશ્ચાદવર્તિ અસરથી આ સુધારાનો લાભ મળશે નહી.

(૨) આ યોજનામાં લોનની રકમની મર્યાદામાં વધારો કર્યા સિવાયની અન્ય શરતો યથાવત રહે છે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ અંદાજપત્રના સદર ૬૨૨૫ અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ–પછાત વર્ગોનું

કલ્યાણ–૨૭૭ શિક્ષણ–બીસીકે ૧૦૫ વિદેશ અભ્યાસ માટે લોન હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૫/૧/૦૭ ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિનેશ પી.કાપડિયા)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

–માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
–મા.મંત્રીશ્રી(સા.ન્યા) ના અંગત સચિવ,સચિવાલય, ગાંધીનગર
–મા.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ)ના અંગત સચિવ સચિવાલય, ગાંધીનગર
–નિયામકશ્રી, વિકસતીજાતિ કલ્યાણ ખાતું,ગાંધીનગર
–સર્વે જિલ્લા નાયબ નિયામક/ સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા)
–નાણા સલાહકારશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
–એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
–અ૧, બ, ગ, શાખા સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
–પસંદગી ફાઈલ.

TRV-1